## ટ્રેક નં. ૫૦ : પ્રજ્ઞાછીણી વિષે

✻ પથ્થરમાં ઝીણી સાંધ હોય છે. તેના ઉપર કરવત મારીએ તો બે ટુકડા થઈ જાય. તે પછી કદી ન સંધાય. તેવી જ રીતે રાગ અને જ્ઞાન વચ્ચે ઝીણી સાંધ છે. તેના પર જ્ઞાનછીણી મારી પકડી લો જ્ઞાયકને. આ છે પ્રજ્ઞાછીણી. ચાલો આ વિષે સાંભળીએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની તત્વચર્ચામાંથી.

✻ માંગલિક

✻ ભક્તિ :　તું છે નિશ્ચય ગ્રંથ ભંગ સઘળા, વ્યવહારનાં ભેદવા,
　　　　તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા.

✻ **પ્રશ્ન : પ્રજ્ઞાછીણીથી નિત્ય સ્વરૂપનો આશ્રય લેવા માટે જુદો પાડતાં વચ્ચે ક્યાંય શું સાંધ છે કે જ્યાં તે પ્રજ્ઞાછીણી પટકી શકાય ?**

● ઉત્તર : અપરિણામી છે તે જ પરિણામી છે. જે નિત્ય છે તે જ અનિત્ય છે પણ એ બેયની અપેક્ષા જુદી છે. એ દ્રવ્યઅપેક્ષાએ અપરિણામી અને પર્યાય અપેક્ષાએ પરિણામી છે. અને દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે. પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એ બેય સ્વરૂપ દ્રવ્યના જ છે. એની અપેક્ષાઓ જુદી છે. સ્વરૂપ જુદું છે. ઓલું પર્યાય છે અને આ દ્રવ્ય. દ્રવ્ય અને પર્યાય બેય એક દ્રવ્યનું જ સ્વરૂપ છે. એ કંઈ જુદુ નથી એનાથી. તો પણ એમાં અનેક અનેકાન્ત એવા અનંત ધર્મો છે બેયની અંદર. એ બે ધર્મો એકબીજાને વિરુદ્ધતા ઉપજાવતી નથી. પણ અવિરુદ્ધપણે કામ કરે છે. એ એકબીજાને સાથ આપીને, એકબીજાની મહિમા, એક મહિમાવંત પદાર્થ છે કે જે વિચારવામાં એને બોલવામાં કે એને વિચારવામાં લાગે કે જે નિત્ય છે તે અનિત્ય કેમ હોય? જે અપરિણામી છે તે પરિણામી કેમ હોય? પણ એની અપેક્ષા જુદી છે અને એ સ્વરૂપ પણ જુદું છે. સ્વરૂપ જુદું એટલે પર્યાયનું સ્વરૂપ અને દ્રવ્યનું સ્વરૂપ. પણ પર્યાય એવી નથી કે પર્યાય બહાર છે અને દ્રવ્ય બહાર છે એમ પણ નથી. એ દ્રવ્યનો

જ અંશ. એક દ્રવ્ય અનંતરૂપે પરિણમેલો છે. એક દ્રવ્ય પોતે અનંત અનેકાન્ત ધર્મો છે આત્માની (અંદર), એ એનાથી સુશોભિત, એનાથી મહિમાવંત છે અને અનંતા ધર્મો છે જેને લઈને દ્રવ્ય કોઈ અચિંત્ય મહિમાવંત છે. એ વિરુદ્ધ છતાં અવિરુદ્ધ છે. એ દ્રવ્યનું કોઈ અપૂર્વ સ્વરૂપ અચિંત્ય-સ્વરૂપ છે. બેય અપેક્ષાઓ જુદી છે. એ દ્રવ્ય પોતાનું સ્વરૂપ રાખીને પરિણમ્યું છે. પોતાનું અસ્તિત્વ રાખીને પરિણમ્યું છે. પોતાનું અપરિણામીપણું રાખીને પરિણમે છે. નિત્યતા રાખીને અનિત્ય ક્ષણે ક્ષણે પરિણમે છે એ દ્રવ્યનું કોઈ અચિંત્ય સ્વરૂપ છે. જેમ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એક જ સમયમાં છે. બેય ચિદ્રૂપ છે. બેય નાશની અપેક્ષા અને ઉપજવાની અપેક્ષા અને સ્થિરની અપેક્ષાએ બેય જુદું જુદું. જે ઉપજે તે વ્યય કેમ થાય? એ બધું સ્વરૂપ જ આખું જુદું છે. એનું કોઈ અચિંત્ય સ્વરૂપ છે. પણ એની અપેક્ષાઓ જુદી છે. એ પર્યાયો જુદી જુદી રીતે પરિણમે છે. એવો અચિંત્ય અનેકાન્ત ધર્મ કોઈ જુદો જ છે. એને સમજવા માટે પોતે અંદર એટલી જિજ્ઞાસા અને લગની હોય તો જ સમજાય છે. એ સ્વરૂપ તો અચિંત્ય અને અદ્‌ભૂત છે ચૈતન્ય. જેની અદ્‌ભૂતતા છે. એ અદ્‌ભૂતતાને લીધે જીવ એકમાં ખેંચાય, એકમાં ખેંચાઈ જાય છે પણ દ્રવ્યનું સ્વરૂપ કોઈ અચિંત્ય છે. એકમાં ખેંચાઈ અનેકાન્ત ધર્મ આત્મા, 'અનેકાન્તનય મૂર્તિ નિત્યમેવ પ્રકાશતો' અનેકાન્ત ધર્મ એમાં ભરેલા છે. એ એની કોઈ અદ્‌ભુતતા અને દિવ્ય મહિમાથી ભરેલો આત્મા છે. પ્રજ્ઞાથી નિત્ય આશ્રય-નિત્યનો લેવામાં આવે છે. નિત્યના આશ્રયથી કે જે અનાદિ અનંત છે, જે પલટતું નથી. જે પર્યાય પલટે છે. દ્રવ્ય પલટતું નથી. જે પલટે નહીં એનો અનાદિ અનંત આશ્રય લેવામાં આવે છે. પણ પ્રજ્ઞાછીણીમાં આશ્રય આત્માનો છે. અને એનાથી વિભાગરૂપે જ્ઞાન કરે છે કે 'હું આ ચૈતન્ય અને આ વિભાવ.' વિભાવ અને શુદ્ધ ચૈતન્ય બેય ભેગા છે તેમાંથી પ્રજ્ઞાછીણી-આત્માને ઓળખી અને એમાં પોતે લીન થાય છે.

પોતાની પ્રતીત કરીને એના બે ભાગ પડી જાય છે. ૧.

**✻ પ્રશ્ન : એટલે આમાં સાંધ છે એ બાબતમાં આપને શું કહેવું છે? કહ્યું ને કે પ્રજ્ઞાછીણી સાંધમાં પટકવી.**

● ઉત્તર : એ તો વિભાવ અને સ્વભાવની સાંધ છે. એમાં પ્રજ્ઞાછીણી એ વિભાવ છે અને આ સ્વભાવ છે એમાં સંધિ છે. સ્વભાવને ગ્રહણ કરવો. અને વિભાવથી છૂટું પડવું. એની સંધિ છે. પ્રજ્ઞાછીણી એટલે પ્રજ્ઞા (જ્ઞાન) બરાબર એને ઓળખી લે છે કે આ ચૈતન્ય અને ચૈતન્યને ચૈતન્ય જ ગ્રહણ કરી લે છે. એમ સાંધ છે. એ સાંધ એટલે એને કાંઈ જુદું પાડવું (એમ નહીં). 'જુદું પાડવું' એટલે સ્વભાવથી જુદું પાડવાનું છે. પ્રજ્ઞા એને એકદમ સૂક્ષ્મ તીક્ષ્ણ ઉપયોગ કરીને ગ્રહણ કરી લે છે કે 'આ તો સ્વભાવ હું, આ વિભાવ તે હું નહીં, આ સ્વભાવ જ્ઞાન અનાદિ અનંત જાણનારો, જેટલો જ્ઞાનનો ભાગ તે જ હું, જેટલો રાગનો ભાગ તે હું નથી. જેટલો જ્ઞાનનો ભાગ જે જ્ઞાયકમૂર્તિ તે જ હું, આ જે વિભાવ જે દેખાય, વિભાવના સૂક્ષ્મ સૂક્ષ્મ વિકલ્પો એ કોઈ ભાગ મારો નથી. એમાં ઊંચા કે નીચા કે શુભાશુભ કોઈ ભાવો તે મારું સ્વરૂપ નથી. બધાથી છૂટો પડી જાય છે. એટલે જેટલો જ્ઞાનનો ભાગ તેટલો જ હું છું.' ૨.

**✻ પ્રશ્ન : એમાં તો બરોબર કે વિભાવ અને સ્વભાવ. પણ જ્યારે નિત્ય અને અનિત્ય લઈએ ત્યારે કેવી રીતે?**

● ઉત્તર : એ પ્રજ્ઞાછીણી નિત્ય અનિત્યમાં પ્રજ્ઞાછીણી એવી રીતે કામ નથી કરતી. એ જુદું છે. એ એનો ભેદજ્ઞાનનો પ્રકાર જુદો અને આ ભેદજ્ઞાનનો પ્રકાર જુદો છે. ૩.

**✻ પ્રશ્ન : ૧૯૭ ગાથામાં પ્રજ્ઞાથી કઈ રીતે ગ્રહણ કરવો એ સમજાવતા કહ્યું કે, 'હું મને, મારા વડે, મારા માટે, મારામાં, મારાથી, મારા આધારે, મને જાણું છું.' એ પ્રયોજનની સિદ્ધિમાં કાંઈ ઉપયોગી છે?**

● ઉત્તર : સાધકદશા (છે) હજી પોતે શુદ્ધ પર્યાય પ્રગટ નથી થઈ. એ પછી આવે ખરા કે (મૂળ તો) જે અસ્તિત્વ છે તે છે. એ તો જે અખંડ અનાદિ અનંત વસ્તુ તો જે છે તે છે. એ કંઈ છૂટી નથી ગઈ કે બીજામાં ગઈ નથી કે બીજામાંથી આવતી નથી. એ જ્ઞાયકનું અસ્તિત્વ તો 'છે તે છે' પણ એ પોતાને જ્ઞાનમાં ગ્રહણ થયું નથી પ્રગટપણે. એટલે એમાં વચ્ચે એમાં 'હું, મારા માટે, મને જ ગ્રહણ કરું છું.' એટલે પરનો આશ્રય નથી. એમ પોતે પોતાની સ્વાધીનતા (પ્રગટ) ઉપર દૃષ્ટિ કરે છે. એમાં (ભેદ) વચ્ચે આવે છે. દૃષ્ટિ એની એવા ભેદ ઉપર નથી. દૃષ્ટિ તો એક અખંડને ગ્રહણ કરવાની છે. પણ ઈ એનું પ્રયોજન? શેને માટે? એનું સાધન કોણ? એમ બધું પોતાની સ્વતંત્રતાને માટે વચ્ચે એવી જાતના ભાવો એને એવી જાતનું જ્ઞાન એને વચમાં આવી જાય છે. દૃષ્ટિ તો એક અખંડ પર છે છતાં જ્ઞાનમાં, આ બધી સાધનામાં, આ બધું એને આવી જાય છે. 'પરના' જે સાધનો તે સાધનો મારા મૂળ સાધનો નથી. મારું સાધન મને છે. મારો આશ્રય મને છે. મારું કર્મ, કાર્ય, મારામાંથી પ્રગટે છે. મારો આધાર મને છે, મને બીજાનો આધાર નથી. એમ વચ્ચે આવી જાય છે. 'હું મારા વડે, મારા માટે જ, મારામાંથી જ પ્રગટ થાઉં છું, મારી શુદ્ધિ મારામાંથી પ્રગટ થાય છે. પરમાંથી આવતી નથી.' અનાદિનો ભ્રમ ભૂલેલો છે. જાણે કે 'પરમાંથી આવે છે બધું. પરના આશ્રય વગર મારે ચાલતું નથી. પરને આધારે હું ટકું છું.' આવો ભ્રમ પડેલો છે. એને પલટો ખાય છે ત્યારે એને દૃષ્ટિની સાથે જ્ઞાન પણ આવું કામ કરે છે. 'મને પરનો આધાર નથી. મને મારો જ આધાર છે. મને મારું જ સાધન છે. હું મારા માટે, મારામાંથી જ પ્રગટ થઈશ.' એવું જ્ઞાન એવું કાર્ય કર્યા વગરનું રહેતું નથી. પરિણતિ પણ એવી રીતે કામ કરે છે. વચ્ચે સાધક દશા છે. સાધ્ય એકદમ પૂરું હોય ને કાંઈ કરવાનું જ ન હોય તો એ વચ્ચે કાંઈ નથી આવતું પણ એક દૃષ્ટિ તો એક અખંડ (ઉપર છે એમાં). દૃષ્ટિ અપેક્ષાએ એ જેમ છે એમ

અનાદિ અનંત વસ્તુ છે પણ એમાં એને શુદ્ધ પર્યાયો પ્રગટ કરવાની રહે છે સાધનાની, સમ્યક્‌દર્શનની પર્યાયો પ્રગટ થાય એમાં ચારિત્રની નિર્મળતા, સ્વરૂપ આચરણ ચારિત્ર. એમાં જ્ઞાનની નિર્મળતા બધું પ્રગટ થાય છે માટે વચ્ચે આવું આવ્યા વગર રહેતું નથી. જ્ઞાન આવું કાર્ય કર્યા વગર રહેતું નથી. પરના કારકોથી છૂટ્ટો પડીને પોતાના કારકો વડે (પરિણમે છે.) 'હું મને, મારા માટે, મારા કાર્ય માટે, મને જાણું છું, મને જ પ્રકાશું છું.' ૪.

ભક્તિ : જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે (૨)
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે. (૨)
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.

❀ બહેનશ્રી : જ્ઞાન સ્વભાવ છે તે ખ્યાલમાં છે. પણ પોતે પોતાની સ્વનિશ્ચય તરફની દૃષ્ટિને પ્રગટ કરતો યથાર્થ જ્ઞાન તો એને નિશ્ચય અને વ્યવહાર બે સાથે જ રહેલા છે. નિશ્ચયને મુખ્ય રાખી વ્યવહાર સાથે હોય છે. જ્ઞાન યથાર્થ થાય અને દૃષ્ટિ સમ્યક્ હોય એની સાથે જ્ઞાન આવું સમ્યક્ સાથે હોય છે એને એવું નિશ્ચય ને વ્યવહારનું વિવેક કરતું જ્ઞાન સાથે જ હોય છે. ૫.

✻ **પ્રશ્ન : ભગવાન આત્મા પ્રાપ્ત કરવાનો કંઈ સહેલો રસ્તો બતાવો.**

● ઉત્તર : સહેલું જ આ છે, આત્માને ઓળખવો. એને અંદર કોઈ મહિમાવંત આત્મા છે. જેવો ભગવાનનો આત્મા છે તેવો ચૈતન્ય ભગવાન આત્મા છે. જિનેન્દ્રદેવનો આત્મા એવો પોતાનો આત્મા છે એને ઓળખવાનો પ્રયત્ન કરવો. વારંવાર એની ઉપર દૃષ્ટિ કરવી. એનું જ્ઞાન કરવું. એની લીનતા કરવી, સ્વભાવ ઓળખી, લક્ષણ ઓળખી અને ઊંડા ઉતરીને એને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી ગ્રહણ

કરવો, પ્રજ્ઞાથી જુદો પાડવો. એનો ઉપાય (એ) એક જ છે. ત્યાં સુધીનો પ્રયાસ કર્યા જ કરવો. એના માટે થાકવું નહીં. વારંવાર એનો અભ્યાસ જ કર્યા કરવો. જુદો છે એ અપૂર્વ છે. એનો મહિમા લાવી, એનું જ્ઞાન કરવું. એમાં દૃષ્ટિ કરવી. સ્ફટિક જેમ નિર્મળ, એમ આત્મા નિર્મળ જ છે. એમાં આ લાલ, પીળા જે રંગ સ્ફટિકના થઈ જાય છે. એમ ચૈતન્યમાં વિભાવની પર્યાય થાય પણ નિમિત્તથી થાય છે. પોતાનો સ્વભાવ નથી. એવો શુદ્ધાત્મા ઓળખવો. 'હું શુદ્ધાત્મા ચૈતન્ય છું, અનાદિ અનંત છું'. એમાં અશુદ્ધતા વચ્ચે પુરુષાર્થની મંદતાએ નિમિત્તને કારણે, ઉપાદાન પોતાનું એવું થઈ જાય છે. એ અશુદ્ધતા પોતાનો સ્વભાવ નથી. હું તો શુદ્ધાત્મા છું. મારા દ્રવ્યમાં શુદ્ધતા ભરી છે. એમ શુદ્ધાત્માને ઓળખવો. બહારના સાધનોની જરૂર નથી. (પુરુષાર્થ) ઉપાડતો નથી. પછી ક્યાંથી (થાય?) પ્રયાસ કરે તો? ઓલા કહે 'રીઝલ્ટ નથી આવતું.' રીઝલ્ટ ક્યાંથી આવે? પોતાના પુરુષાર્થની ખામી છે. તૈયારી પોતે જ કરવાની છે. પુરુષાર્થ પોતે જ કરવાનો છે. તૈયારી કરીને પોતે જ પુરુષાર્થ કરીને કરવાનું છે. એમાં પણ પ્રજ્ઞાછીણી તો પોતે જ તૈયાર કરીને પોતે જ પ્રગટ કરવાની છે. બીજું કોણ કરી દેવાનું છે? જ્યારે કરે ત્યારે પોતાને જ કરવાનું છે. આજ કરે, કાલ કરે, ગમે ત્યારે કરે, પોતાને જ કરવાનું છે. રાગથી જુદો, શુભ રાગથી પણ (જુદો) શુદ્ધાત્માને ઓળખે તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય. અંતરમાં દૃષ્ટિ કરીને શુદ્ધ પર્યાય (પ્રગટાવવાની છે) પોતે ન્યારો થાય અંતરમાં. ન્યારો થાતો નથી. એકત્વબુદ્ધિ રાખવી છે, પછી કાંઈ થાતું નથી. એકત્વતા તોડવી નથી પર સાથેની. ન્યારો થાવું નથી ને પછી કાંઈ થાતું નથી. (એમ કહેવું). એનો કાંઈ અર્થ નથી. અંતરમાંથી એકત્વબુદ્ધિ તોડ. શરીર સાથે, વિભાવ (સાથે), એ અંદર વિભાવની એકત્વબુદ્ધિ તોડ. પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી નથી. અંદરથી ન્યારો થા. ન્યારો થા તો માર્ગ મળે. ન્યારો થયા વગર કેમ મળે? આત્મા પોતે ન્યારો છે. ન્યારાનો

માર્ગ ન્યારાથી મળે. ન્યારો થા તો મળે માર્ગ. ચૈતન્યના દર્શન ક્યાંથી થાય? દર્શન કરનારો પોતે તૈયાર થાય તો (દર્શન) થાય ને? એની દૃષ્ટિ બહાર છે. અંદર દૃષ્ટિ દેનાર પોતામાં દૃષ્ટિ દે તો એના ચૈતન્યના દર્શન થાય ને? દૃષ્ટિ ત્યાં સ્થિર કરે તો થાય તે? દૃષ્ટિ બહાર કરવી છે. અંદર એને દર્શન ક્યાંથી થાય? અંતરમાં દૃષ્ટિને સ્થિર કરે તો દર્શન થાય. ક્યાંથી થાય? ભગવાનના ગુરુદેવના દર્શન કરવા (હોય તો) દૃષ્ટિ ત્યાં દે તો દર્શન થાય ને? આ દૃષ્ટિ અંદર દેતો નથી ને ચૈતન્યના દર્શન કરવા છે, કેવી રીતે થાય? ચૈતન્યમાં દૃષ્ટિ દે તો થાય. દૃષ્ટિ તો દેતો નથી. દૃષ્ટિને એ બાજુ સ્થિર કર. જ્ઞાન એ બાજુ જાય તો લીનતા કર તો થાય. ન્યારો થા અંતરથી, તો (દર્શન) થાય. એની ભાવના કરવી. પ્રયાસ કરવો. અઘરું લાગે ને એટલે જ્યાં ત્યાં રોકાતો ફરે છે. હવે એના માટે પોતે તૈયાર થવાનું છે. પોતે એનો કર્તા અને પોતે એનું કારણ અને પોતે એનું કાર્ય લાવે. બધું પોતે જ છે. પોતે પ્રગટ કરીને પોતાનું સ્વયં વેદન કરનારો પોતે જ છે. પોતે પોતાનો આધાર છે નિશ્ચયમાં. વ્યવહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર છે. ગુરુદેવ જેવું સાનિધ્ય આ કાળમાં મળ્યું છે. પોતાનું પોતે કરી લેવાનું છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ' પરમારથનો પંથ—આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો એ એક જ માર્ગ છે. ગમે તે ઉપાયે આત્માને ઓળખવો. જ્ઞાયકને ઓળખવો. જ્ઞાયકને નિરાળો, જુદો કરવો, એક જ છે કરવાનું. કહે છે ને કે 'તું બે ઘડી પાડોશી થઈને આત્માને જો' અને એનો છ મહિના અભ્યાસ કર તો પછી થાય છે કે નહીં. એ તો ઉત્કૃષ્ટ. કરે એને અંતર્મુહૂર્તમાં થાય. નો કરે એને અનંતકાળ સુધી પણ ન થાય અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છ મહિના એવું આવે છે. 'તત્વનો કૌતૂહલી થઈને જો'. ૬.

❀ બહેનશ્રી : વાત એક છે કે પોતે બીજાને પોતાનું માની લીધું છે. પોતે પોતાને ભૂલી ગયો છે. સ્વઘરને ભૂલી ગયો છે. બીજાને—પર ઘર છે એને પોતાનું માન્યું છે. બીજા દ્રવ્ય, બીજાના ગુણો,

બીજાની પર્યાયો બધું જાણે મારું. પોતે સ્વદ્રવ્ય, પોતે ગુણ, પોતાની પર્યાય અંતરમાં જો. ૭.

❀ બહેનશ્રી : જો દવાખાનું મારું હોય તો હું દવાખાનું હોઉં. જે જેનું હોય તે તેનું. જેનું જે સ્વ હોય એ જ, આત્મા પોતે પોતારૂપ જ્ઞાયકરૂપે છે તે જ્ઞાયક જ (હોય). આત્મા જો, શરીર એનું હોય તો એ શરીરરૂપ જ હોય. પછી જ્ઞાયક ક્યાંથી રહે? માટે આત્મા જ્ઞાયક તે જ્ઞાયક જ છે. જ્ઞાયકનું સ્વરૂપ જ એવું છે. જ્ઞાયક સ્વરૂપ એનું, જ્ઞાયકના ગુણો એના. જ્ઞાયકમાં થતી પર્યાયો (એની,) પારિણામિક ભાવ સ્વરૂપ આત્મા હોય. એ સિવાય બીજું હોય તો એ બીજારૂપે હોય. બીજારૂપે જ થઈ જાય. બીજારૂપે થાતું નથી. થાતો નથી તોય ભૂલ કેવી અનાદિની છે? અનાદિ કાળની ભૂલમાં ભમ્યા કરે છે. 'દેખત ભૂલી' દૃષ્ટિની ભૂલને લઈને ભમ્યા કરે છે. એનામાં યોગ્યતા છે. માટે એનામાં જ થાવાની યોગ્યતા છે. બધા પરમાણુઓના ઢગલા કરે અને પછી ઠીક થાય તો આ મેં કરી, એ પરમાણુની પુદ્‌ગલોની યોગ્યતા છે. ૮.

❀ બહેનશ્રી : એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા નથી. એના ગુણનો કર્તા નથી. એની પર્યાયનો કર્તા નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા, જ્ઞાન અવસ્થાએ જ્ઞાયકની પર્યાયનો કર્તા છે. પ્રગટ કરવું મુશ્કેલ પડે છે. આ પર પદાર્થનું કરવું એ જ બધું જાણે કર્તાબુદ્ધિ માને છે. કરી શકતો નથી. પોતાનું કરવું એને અઘરું પડે છે. ઓલું બહારનું કાંઈક (કરું) તો પણ એ કરી શકતો જ નથી. એમાં થાવાની યોગ્યતા હોય તો જ થાય. એને આત્માને અંદરમાં દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા કરવી (એ) તારા હાથની વાત છે. (એ) તારું પોતાનું સ્વ છે. તારો સ્વભાવ છે. ૯.

❀ બહેનશ્રી : અક્ષર લખીને પાના પાના ભરે એમાં વિચાર નથી આવતો કે આ કેમ લખાશે આટલું બધું? આ પાના કેમ

ભરાશે? આ પુસ્તકના પાના. એ તો એક અક્ષર કરી કરીને ભેગું કરે છે. એક-એક મોતી પરોવી પરોવીને તોરણ કરે, જાણે કેમ થાશે? એ નથી વિચારતો. બધું ભેગું કરીને પછી 'મેં કર્યું'. આ તો પણ તારું પોતાનું જ છે. તારા અનંત ગુણો, ગુણરત્નો ભર્યા છે. એમાં તું પરિણમન કર તો એમાં સ્વભાવની પર્યાયનો પ્રકાશ પ્રગટ થાશે. એ નથી થાતું? એ કેમ થાય? બહારના સંયોગ ઝાઝા હોય તો થાય એવું નથી. પોતે અંતર દૃષ્ટિ કરે અને દેવ-ગુરુ-શાસ્ત્રનો (એને) બતાવેલો માર્ગ મળે અને અંતરમાં પોતે ગ્રહણ કરે. માર્ગ મળે તો, તો અંતર પોતાથી જ થાય એવું છે. કંઈ બહારના પુણ્યના ઢગલા હોય તો થાય એવું નથી. અંતર સ્વભાવનું જ્ઞાન સ્વભાવમાંથી પ્રગટ થાય. અંતરની અનંત શક્તિઓ પોતાના પરિણમનથી પ્રગટ થાય છે. 'કરવું નથી' અને પછી બહારથી 'થાતું નથી, થાતું નથી' (એમ કહે). ક્યાંક દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં ઉભો રહે શુભભાવમાં. દૃષ્ટિ શુદ્ધ ભૂમિકા ઉપર હોવી જોઈએ. આચાર્ય તે પોતાને શુદ્ધ ભૂમિકામાં જવાનું કહે છે. નીચે જવાનું નથી કહેતા પણ શુદ્ધ ભૂમિકા તીસરી ભૂમિકા છે ત્યાં જા. ન્યારો થાતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં એ ઉભો રહે છે પણ દૃષ્ટિ શુદ્ધતા ઉપર જાવાની હોવી જોઈએ. ૧૦.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.